અપીલ અરજી નં.૨૦૬ તા.૩૦–૯–૧૦/૧૧

અરજદારઃ– શ્રી ફાલ્ગુની કમલકાંત જરીવાલા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ફાલ્ગુની કમલકાંત જરીવાલાની તા.૪–૯–૧૦ ની અરજીથી તન્વી કમલકુમાર જરીવાલાનો જન્મ તા.૧૧–૧૨–૯૫ ના રોજ થયેલ છે. જેનો જન્મ દાખલામાં જન્મથી અત્યાર સુધીનાં જન્મ દાખલામાં થયેલ ફેરફાર વખતે રજુ કરવામાં આવેલ કાગળો અને પુરાવાઓ તથા પત્રવ્યવહાર અને બનેલ જન્મ દાખલાઓની સહીસિકકા વાળી નકલો આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૩૦–૯–૧૦ ની **SMC/FAP/** નં.૨૦૬/૨૦૧૦–૧૧

શ્રી ફાલ્ગુની કમલકાંત જરીવાલાની તા.૪–૯–૧૦ ની અરજીથી તન્વી કમલકુમાર જરીવાલાનો જન્મ તા.૧૧–૧૨–૯૫ ના રોજ થયેલ છે. જેનો જન્મ દાખલામાં જન્મથી અત્યાર સુધીનાં જન્મ દાખલામાં થયેલ ફેરફાર વખતે રજુ કરવામાં આવેલ કારણો અને પુરાવાઓ તથા પત્રવ્યવહાર અને બનેલ જન્મ દાખલાઓની સહીસિકકા વાળી નકલો આપવા બાબતે એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.૮૨૬ તા.૧૭–૯–૧૦ થી આપેલ માહિતી અપુરતી અયોગ્ય અને ગેરમાર્ગે દોરનારી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૯–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૭૮ તા.૭–૧૦–૧૦ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૯૮૮ તા.૧૪–૧૦–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૮૨૬ તા.૧૭–૯–૧૦ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, તન્વીના તા.૧૩–૧૧–૯૯ ના દાખલાની નકલ, તથા રેકર્ડ નાશ કર્યા અંગેના રીપોર્ટની નકલની યાદી સહિત અત્રે મળેલ છે.

અરજદારની આઈ ડી નં.૬૨૦ તા.૪–૯–૧૦ ની અરજીથી વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી જન્મ મરણ વિભાગ મધ્યસ્થ કચેરીને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૮૨૬ તા.૧૭–૯–૧૦ થી " તન્વી કમલકુમાર જરીવાલાના જન્મ દાખલામાં અત્યાર સુધીમાં થયેલ ફેરફાર દરમ્યાન રજૂ થયેલા પુરાવાઓની માહિતીની માંગણી કરેલ છે. સદર જન્મ દાખલામાં મે. રજીસ્ટ્રારશ્રીની ૧૮૪ નંબરની મંજુરી મુજબ ગુ.બ.ડે. રજી. રૂલ્સ ૧૯૭૩ ના નિયમ– ૧૨ (૪) પ્રમાણે તા.૨૦–૫–૯૮ ના રોજ નીચે મુજબનો સુધારો થયેલ છે." જન્મ મરણના દાખલામાં એફીડેવીટ તથા સાથે સામેલ કરેલ પુરાવાનો રેકર્ડ પાંચ વર્ષ સુધી જ જાળવવાનો હોય સદર રેકર્ડ સેન્ટ્રલઝોનની કચેરીમાં ઉપલબ્ધ નથી વધુમાં જન્મના દાખલાની સહી સિકકાવાળી નકલ સેન્ટ્રલઝોનના નાગરીક સુવિધાકેન્દ્રમાં રૂ ૫ નું ફોર્મ તથા ૧૫ ની ફી ભરી નકલ મેળવી લેવી ફેરફારની વિગત નીચે મુજબ છે. (૧) બાળકની જન્મ તારીખ :– ૧૩–૧૨–૯૫ ના બદલે ૧૧–૧૨–૯૫ (૨) બાળકના પિતાનું નામઃ– કમલકુમાર કિશનભાઈ જરીવાલાને બદલે કલમકાન્ત ક્રિષ્ણલાલ જરીવાલા (૩) સરનામુંઃ– મેઈનરોડ, રામપુરા, સુરતને બદલે ૬૧ નહેરૂનગર કો.ઓ. હા. સોસા., ઈચ્છાનાથ મહાદેવની પાછળ, સુરત તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે આપેલી માહિતી અપૂરતી, અયોગ્ય અને ગેરમાર્ગે દોરનારી હોવાનું જણાવી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૩૦–૯–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. વધુમાં માહિતી વ્યવસ્થિત આપવામાં આવેલ નથી અને માંગેલ માહિતી સાથે સુસંગત નથી. દસ્તાવેજી પુરાવાઓ જેમકે એફીડેવીટ તથા સામેલ પુરાવાઓ કે જન્મના દાખલામાં નોંધણી કે સુધારા સમયે રજૂ થતાં હોય તે રેકર્ડ પાંચ વર્ષ સુધી જાળવવાનો હોય સદર રેકર્ડ સેન્ટ્રલઝોનની કચેરીમાં ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. તો તેનો નાશ કરવામાં આવેલ હોય તો નાશ કર્યા અંગેની તારીખ અને કોની મંજુરીથી નાશ કરવામાં આવેલ અને સદરહુ રેકર્ડ નાશ કરવા જોગ હતો કે કેમ? કે સદર રેકર્ડ કયાં રાખવામાં આવે છે તેની પણ કોઈ માહિતી આપવામાં આવેલ નથી. આમ સદર માહિતી ઈરાદાપૂર્વક અપૂરતી આપવામાં આવેલ છે તેવી રજૂઆત કરેલ છે.અરજદારની રેકર્ડ નાશ /નિકાલ અંગેની માહિતીની અપીલમાંની રજૂઆત મુળ અરજીથી અલાયદી પૂરક છે. જેનો આગ્રહ અપીલ તબકકે તેઓ રાખી શકે નહીં. તેમ છતાં જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીની યર્થાથતા નકકી કરવાની હેતુસર તેને ધ્યાને લેવામાં આવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીમાં અરજદાર તરફથી જન્મ મરણના ફેરફાર વખતે રજૂ કરવાના પુરાવાઓ જેવા કે એફીડેવીટ વિગેરે બાબતેનો રેકર્ડ પાંચ વર્ષ રાખવાની માહિતી આપેલ છે જે રેકર્ડ રુલ્સ ની કેટેગરી મુજબ 'ડી' કેટેગરીમાં એન્ટ્રી નં.૧૫૪ માં દર્શાવેલ છે. આથી સદર રેકર્ડ પાંચ વર્ષમાં પીરીયડમાં હોવાની માહિતી સુસંગત છે.વધુમાં જાહેર માહિતી અધિકારીએ પૂરક માહિતીમાં રેકર્ડના નાશ કર્યા અંગેની યાદીની મંજુરીની નકલ રજૂ કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે

જાહેર સત્તા મંડળની પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. વધુમાં પ્રસ્તુત કિસ્સામાં સાંયોજિક વિગતો જોતાં અરજદાર પણ માહિતી આપનાર અને સુધારોમાં હિતધારક પક્ષકાર હોય આરટીઆઈ એકટની કલમ–૮(૧)(ચ) અન્વયે કોઈ પણ માહિતી વિશાળ જાહેર હિતમાં જાહેર કરવી જરૂરી છે તેવી સ ક્ષમ સત્તાધિકારીને ખાત્રી થાય તે સિવાય વિશ્વસનીય સબંધોને આધારે વ્યકિત પાસેથી ઉપલબ્ધ આવી માહિતી આપવાની જવાબદારી રહેશે નહીં. આમ અરજદાર વિશ્વસનીય સંબધો ધરાવતી વ્યકિત પણ પ્રસ્તુત કિસ્સામાં જણાય છે. આથી અરજદારે પૂરા પાડેલ પુરાવાઓ અરજદાર પાસે હોવાનું અનુમાનિત છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૯–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ હોઈ અપીલમાં વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. રેકર્ડ નાશ કે નિકાલ બાબતેની અરજદારની નવી રજૂઆત અંગે ઈચ્છુક હોય તો અલાયદી અરજી ધ્વારા માહિતી કે તપાસણી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ..જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ફાલ્ગુની કમલકાંત જરીવાલા,